અગત્યનું

ક્રમાંક:મઉમશબ/૨૦૨૦/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર, તા.૨૦/૦૩/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજય.

વિષય:- ધો-૧૨ સામાન્ય પ્રવાહની તા.૨૧/૦૩/૨૦૨૦ના રોજ યોજાનાર સમાજશાસ્ત્ર વિષયની પરીક્ષાની બેઠક વ્યવસ્થા બાબત

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, તા.૨૧/૦૩/૨૦૨૦ના રોજ રાજયશાસ્ત્ર(૦૨૩) વિષયની પરીક્ષા સવારના સેશનમાં એટલે કે ૧૦.૩૦ થી ૧૩.૪૫ કલાકના સમય દરમ્યાન યોજાનાર છે. આ પરીક્ષા ૧૦૪ બિલ્ડીંગમાં ૩૪૦૦ જેટલા પરીક્ષાર્થીઓ માટે યોજાનાર છે, જયારે બપોરના સેશનમાં એટલે કે ૧૫.૦૦ થી ૧૮.૧૫ કલાકના સમય દરમ્યાન સમાજશાસ્ત્ર (૧૩૯) વિષયની પરીક્ષા યોજાનાર છે આ પરીક્ષામાં ૮૬૧ બિલ્ડીંગમાં ૧.૮૭ લાખ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત થનાર છે. આવતીકાલના બપોરના સેશનમાં જે પરીક્ષા યોજાનાર છે, તેમાં સ્થાનિક કક્ષાએ પરીક્ષાખંડનો વિસ્તાર અને તેની બેઠક વ્યવસ્થા (પરીક્ષાર્થીઓની સંખ્યા)ને ધ્યાને લઇ પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા એ રીતે ગોઠવવામાં આવે કે બે વિદ્યાર્થીઓ વચ્ચે ૧ મીટર જેટલું અંતર રહે. આમ કરવામાં જો વધારાના વર્ગખંડની આવશ્યકતા ઉભી થાય, તો તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે અને તે મુજબ સુપરવાઇઝરની વ્યવસ્થા કરવાની રહેશે.

ઉપરોકત સૂચના સબંધિત ઝોનલ અધિકારીશ્રી મારફતે સંબંધિત પરીક્ષા બિલ્ડીંગના સ્થળ સંચાલક સુધી અમલ કરવા માટે પહોંચાડવા જણાવવામાં આવે છે.

Ameri..
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.